# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

"રાજીવ ગાંધી ભવન" સંસ્કાર કેન્દ્ર માર્ગ, વી.એસ. હોસ્પિટલ પાસે, એલિસબ્રીજ,અમદાવાદ-૩૮૦૦૦૬.
ફોન : ૦૭૯-૨૬૫૭૮૨૧૨-૨૧૩,૨૬૫૭૮૧૬૧,૨૬૫૭૮૩૧૧ ફેક્સ : ૦૭૯-૨૬૫૭૯૫૮૯
Web : www.incgujarat.com E – mail : gpcc1234@gmail.com


==================================================================

અખબારી યાદી તા ૧૨/૭/૨૦૨૩

ભાજપા સરકારના બૌધિકોએ શિક્ષકનુ વધુ એક નામ શોધીને પાડ્યુ ...."જ્ઞાન સહાયક " શિક્ષણ ગુણવત્તા સુધારવાનો ઉકેલ છે. ?

✓શિક્ષક

✓વિદ્યા સહાયક - શિક્ષક,

✓પ્રવાસી - શિક્ષક અને હવે

✓જ્ઞાન સહાયક - શિક્ષક

ભાજપા સરકારના ૨૫ વર્ષનુ શાસન અનુભવ અને શિક્ષણ વિભાગનો ૧૦ જુલાઈ ૨૦૨૩ નો પરિપત્ર ભાજપાની કરની અને કથનીના તફાવતનો પર્દાફાસ કરે છે ...

"રાષ્ટ્રીય શિક્ષણ નિતી - ૨૦૨૩ " NEP અને "મિશન સ્કુલ્સ ઓફ એક્સેલેન્સ" ના નામે સરકારી પ્રાથમિક શાળા અને અનુદાનિત પ્રાથમિક શાળામા "જ્ઞાન સહાયક" શિક્ષકની ભરતી નામે ગુજરાતના બાળકોને શિક્ષણ વંચિત કરીને આવનાર પેઢીને અભણ રાખવાનુ આ પાપી પગલુ છે..

રાજયમા શિક્ષણ વંચિત થઈ રહેલા બાળકોને અને સક્ષમ લાયકાત ધરાવતા બેરોજગાર શિક્ષકોને જવાબ આપે .....

1. શિક્ષકનુ નામ "જ્ઞાન સહાયક " રાખવાથી શિક્ષણ ગુણવત્તા સુધારી જશે. ?
2. આ યોજના ૫ વર્ષની છે તો શિક્ષકની અવધી ૫ વર્ષની કેમ નહી ? ૧૧ મહિના કેમ ?
3. ટેટ-૨ ની પરિક્ષા પાસ કરેલ કેટલા શિક્ષકોની ત્રણ વર્ષની મુદત પુર્ણ થઈ ગઈ છે ?
4. ધોરણ દીઠ વર્ગ ખંડ - ધોરણ દીઠ શિક્ષકની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવી અનિવાર્ય છે તેમ રાજયના બાળકો શિક્ષણ વંચિત ન રહે તે માટે રાજય સરકારની જવાબદારી પણ સુનિશ્ચિત કરવી જોઇએ..
5. એક બાજુ ૭૬,૯૪૯ શિક્ષકોની ઘટ મતલબ એટલા શિક્ષકો ઘરે બેઠા છે અને વર્ગખંડમા વગર શિક્ષકે બાળકો કેળવણી લઈ રહયા છે તે શાસકો માટે શર્મનાક બાબત છે.અને શિક્ષકો માત્ર પાઠ્યપુસ્તકોની જ કેળવણી નહી પરંતુ શારિરીક, માનસિક અને સાસ્કૃતિક એમ ત્રિપરિમાણિત ઘડતરની કરવાની વિશેષ જવાબદારી વહન કરે છે અને તેના થકી રાષ્ટ્રને નવી તંદુરસ્ત ઉર્જાવાન પેઢીનુ નિર્માણ થાય છે...

6. પરંતુ તેને મહિને ૨૧,૦૦૦/- રુપિયાના ફિક્સ માનદ વેતન અને તે પણ ૧૧ મહિનાના કરારમા દેશના બાળકોનુ જીવન ઘડતર કરવાની ફરજ નિભાવવાની અને ૧૨ મહિને ઘરભેગા કરવાના ? આ શિક્ષક સાથે ઉચિત વહેવાર છે ? અને એજ શિક્ષકને વર્ગ ખંડની દિવાલમા લખવાનુ કે શિક્ષક કભી સાધારણ નહી હોતા, " પ્રલય ઔર નિર્માણ ઉસકી ગોદમે ખેલતે હૈ " આથી વિશેષ કરુણતા બીજી કહી હોય શકે.
7. ગુજરાતમા ખાડે ગયેલા શિક્ષણ બાબતે જવાબદાર કોણ ? શિક્ષક કે સરકાર ? આજે ગામડાની શાળાઓમા વિદ્યાર્થીઓ ભણવા કે વાલી ભણાવવા કેમ તૈયાર નથી ?
8. ૨૦૨૩મા રાજ્યની ૧૫૮ માધ્યમિક શાળાનુ ધોરણ ૧૦ નુ પરિણામ "૦" આવ્યુ, કોણ જવાબદાર કોણ ?

મનહર પટેલ
પ્રવકતા, ગુજરાત કોંગ્રેસ